# ભારતીય વિદેશ સેવા

ભારતીય વિદેશ સેવાની સ્થાપના વિદેશમાં રાજકીય, વ્યાપારી, રાજદ્વારી તેમજ અન્ય તમામ કાર્યોને સંભાળવા માટે કરવામાં આવી હતી. એક કેરિયર રાજદ્વારી તરીકે, વિદેશ સેવા અધિકારીએ વિવિધ મુદ્દાઓ પર દેશ અને વિદેશ એમ બંને જગ્યાએ ભારતના હિતોને રજૂ કરવા જરૂરી છે. આમાં દ્વિપક્ષીય રાજકીય અને આર્થિક સહયોગ, વેપાર અને રોકાણ પ્રોત્સાહન, સાંસ્કૃતિક ક્રિયાપ્રતિક્રિયા, પ્રેસ અને મીડિયા સંપર્ક તેમજ બહુપક્ષીય મુદ્દાઓનો સમાવેશ થાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે મહત્વાકાંક્ષી વ્યક્તિ છો
- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનું ગમે છે
- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. - થી -*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઇ પણ વિષયમાં સ્નાતકનો અભ્યાસક્રમ પૂર્ણ કરો **અથવા**

કોઇ પણ વિષય સાથે સ્નાતક પૂર્ણ કરી સમાન અથવા સંલગ્ન વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. UPSC દ્વારા લેવામાં આવતી સિવિલ સર્વિસ પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

એક ભારતીય વિદેશ સેવા સેવકનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૨,૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://doe.gov.in/sites/default/files/7cpc_report_eng.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓ, વિભાગો અને મંત્રાલયો

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારું પોસ્ટિંગ ભારતમાં અથવા વિદેશમાં કરવામાં આવે તેવી સંભાવના છે. તમે ઓફિસમાં કામ કરશો. તમારે અધિકારીઓની ટીમને સંભાળવાની રહે છે. આ  નોકરી બદલીપાત્ર હોય છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં  આવેલી માન્યતા પ્રાપ્ત કોઈપણ કોલેજ.**

## અપેક્ષિત પ્રગતિ પથ

**કેન્દ્રીય સ્તર પર**

**ભારત :** અન્ડર સેક્રેટરી → ડેપ્યુટી સેક્રેટરી → કાઉન્સેલર ડાયરેક્ટર → જોઈન્ટ સેક્રેટરી → એડિશનલ સેક્રેટરી → સેક્રેટરી

**વિદેશમાં :** એટેચી / થર્ડ સેક્રેટરી → સેકન્ડ/ફર્સ્ટ સેક્રેટરી → ફર્સ્ટ સેક્રેટરી → ડાયરેક્ટર → મિનિસ્ટર/ડીસીએમ એમ્બેસેડર → એમ્બેસેડર/હાઈ કમિશનર → એમ્બેસેડર/હાઈ કમિશનર

## સાફલ્ય ગાથા

**ચોનીરા બેલીઅપ્પા મુથમ્મા** ૧૯૪૯માં યુ.પી.એસ.સી. પરીક્ષા પાસ કરનાર અને ભારતીય વિદેશ સેવાનો વિકલ્પ પસંદ કરનાર પ્રથમ મહિલા હતા. તેમનો જન્મ કોડાગુના વિરાજપેટ થયો હતો. તેમણે ચેન્નાઈની મહિલા ક્રિશ્ચિયન કૉલેજમાંથી અંગ્રેજી સાહિત્યમાં સ્નાતક અને ચેન્નાઈની પ્રેસિડેન્સી કૉલેજમાંથી અનુસ્નાતકની પદવી હાંસલ કરી હતી.*

સ્રોત: https://starofmysore.com/a-toast-to-diplomats/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્ડિયન સિવિલ સર્વિસ એક્ઝામ, યુ.પી.એસ.સી.,
ઈન્ડિયન ફોરેન સર્વિસ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ